અહીં આપેલ સમાચારો આપના લોકપ્રિય સામયિકમાં પ્રસિદ્ધ કરવા માટે છે...


વિશ્વ સંવાદ કેન્દ્ર

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે



૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૭૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com



વર્ષ : ૪ અંક : ૭૫ દિનાંક : ૦૧.૫.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી


## અમેરિકામાં હિન્દુ સ્વયં સેવક સંઘ (HSS) દ્વારા અગિયારમો સૂર્યનમસ્કાર યજ્ઞ (SNY) યોજાયો.

અમેરિકામાં હિન્દુ સ્વયં સેવક સંઘ (HSS) દ્વારા ૧૪ દિવસ માટે ૧૫૬ સ્થળોએ સૂર્યનમસ્કાર SNY (યોગાથોન)નો કાર્યક્રમ થયો. પ્રતિવર્ષ આ સંગઠન આ કાર્યક્રમ યોજે છે. આ અગિયારમો યજ્ઞ હતો. સૂર્યનમસ્કાર દ્વારા સ્વાસ્થ્યની જાળવણીના મહત્વ માટે લોકહિતનો યોગાથોન અમેરિકામાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ યોગાથોનમાં ૧૧૨૫૪ સ્પર્ધકોએ ૮૨૮૫૮૬ સૂર્યનમસ્કાર કર્યાં હતા. આ SNYમાં સનએન્ટોનિયો શાળાના ૯૦૦ વિદ્યાર્થીઓ તથા સાઉથ કેરોલિનના ૭૧૪ વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો.

## ભારતની સંશોધન અને વિકાસ સંરક્ષણ સંસ્થા (DRDO) દ્વારા બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ

રાજસ્થાનની પોખરણ પ્રક્ષેપણ રેન્જ પરથી દેશની શક્તિશાળી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ થયું છે. ભારતીય લશ્કરને તાકતવર બનાવવા ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) સ્વદેશી સંરક્ષણ સાધનો અને પ્રણાલીઓનું પરીક્ષણ કરે છે. આ પરીક્ષણમાં સફળતા મળતાં આ સંસ્થા જે તે સંરક્ષણ સાધન અથવા પ્રણાલીને લશ્કરના ઉપયોગ માટે લીલી ઝંડી આપે છે. ભારતે રશિયાના સહયોગથી આ મિસાઈલનું નિર્માણ કર્યું છે. ધ્વનિના વેગથી ત્રણ ગણા વેગથી આ મિસાઈલ ૨૯૦ kmના અંતરે પણ દુશ્મનની પ્રણાલીઓ તથા ચોકીઓ નષ્ટ કરી શકે છે. આ મિસાઈલ જમીન, આકાશ અને દરિયામાંથી પણ પોતાનું નિશાન સુક્ષ્મતાથી સાધી શકે છે. ભારતીય લશ્કરની ત્રણે પાંખોને આ મિસાઈલ સંરક્ષણ માટે ખૂબ જ ઉપયોગી નિવડશે.

## આયુષ મંત્રાલયના વિજ્ઞાનીઓએ ડેન્ગ્યૂની દવા તૈયાર કરી

ભારતના ૧ ડઝનથી વધુ વૈદ્યોએ ૨ વર્ષના સખત પરીક્ષણ તથા મહેનતથી ૭ પ્રકારના ઔષધિય છોડમાંથી ઘાતક ડેન્ગ્યૂના તાવની દવા તૈયાર કરી છે. ભારત સરકારના આયુષ્ય મંત્રાલયના સંશોધન વિભાગની આ મહાન સિદ્ધિ છે. વિશ્વમાં ડેન્ગ્યૂની આ પ્રથમ પ્રાકૃતિક ઔષધ હોવાનું મનાય છે. ડૉક્ટરોએ સતત ૩૦-૩૦ દર્દીઓ પર આ પરીક્ષણ કર્યું હતું. આ દવાની કોઈ આડ અસર જણાઈ નથી. ભારતમાં લગભગ દર વર્ષે ૭૦ હજારથી પણ વધુ કેસો ડેન્ગ્યૂના નોંધાય છે. ડેન્ગ્યૂની આ દવા ૨૦૧૯ સુધીમાં બજારમાં ઉપલબ્ધ થશે.

## ભારતના વિદેશ મંત્રાલયની અનોખી પહેલ : મૂક-બધિર કન્યાઓના વરની પસંદગી

કેન્દ્ર સરકાર અને મધ્યપ્રદેશની રાજ્ય સરકાર મૂક-બધિર કન્યાઓનો ઘરસંસાર માંડવા સહાયરૂપ થયા છે. મધ્યપ્રદેશના ઈન્દોરમાં રહેતી ૨૪ વર્ષીય મૂક-બધિર ગીતા જેને પાકિસ્તાનથી અહીં વર્ષ પહેલાં ભારતમાં લવાઈ હતી તેના માટે યોગ્ય વર પસંદ કરવાનો છે. આ માટે વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે દેશમાંથી વરના બાયોડેટા મંગાવ્યા છે. આ બાયોડેટાને આધારે કન્યાપક્ષ તરીકે કેન્દ્ર સરકારનું વિદેશમંત્રાલય વરની પસંદગી કરશે. આજ દિન

સુધી ૧૨ યુવકોએ તેમના બાયોડેટા મોકલ્યા છે. જેમાં લેખકથી માંડીને પંડિતોનો પણ સમાવેશ છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રી શિવરાજ ચૌહાણ ગીતાના લગ્નની સંપૂર્ણ જવાબદારી લેશે.

ગીતા ઈન્દોરના ગુમાસ્તા નગર સ્થિત મૂક-બધિર સંગઠનમાં રહે છે. સંગઠનના મોનિકા પંજાબીએ જણાવ્યું છે કે ગીતાએ પોતાના લગ્નની ઇચ્છા દર્શાવી છે. ગીતા સાથે લગ્ન કરવા ઉત્સુક યુવકો સાથે સાંકેતિક ભાષા વિશેષજ્ઞ જ્ઞાનેન્દ્ર પુરોહિતે વાત કરી છે. મોટા ભાગના યુવકોએ ગીતા સાથે લગ્નની ઉત્સુકતા દર્શાવવાનું કારણ ગીતાની લોકપ્રિયતા હોવાનું જણાવ્યું છે. યુવકોના બાયોડેટાની પ્રશ્નોત્તરીમાં મહત્વની બાબતોનો સમાવેશ છે. જેમાં (૧) ગીતા સાથે કેમ લગ્ન કરવા ઇચ્છો છો ? (૨) શું તમારા ઘરવાળા આ લગ્ન માટે તૈયાર છે ? વગેરે મુખ્ય છે. ઉત્સુક યુવકો ગીતા સાથે લગ્ન કરવા પ્રેરાયા છે તેના ઘણા કારણો જાણવા મળ્યા છે. જેમાં ગીતાને વિમાન મારફતે ભારત લવાઈ તેનું દૃશ્ય, સિમ્પલ છોકરી છે, પાકિસ્તાનમાં રહીને પણ ગીતાએ હિન્દુ ધર્મ છોડ્યો નથી, તેની સાઈન લેંગ્વેજ સારી છે, ઈન્ટરનેટ પર ગીતાનો આકર્ષક વીડિયો વગેરે છે. સુષ્મા સ્વરાજ પોતે આ લગ્ન કરાવવાના હોઈ દેશની મૂક-બધિર કન્યાઓને ઘરસંસાર માંડવાનું પ્રોત્સાહન મળ્યું હોવાનું જાણવા મળે છે.

## ગુજરાત રાજ્યનું પ્રથમ કૌશલ્ય ગામ : સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાનું દરામલી ગામ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના દરામલી ગામે ૨૨ પુરસ્કાર મેળવ્યા છે. તેને દેશની શ્રેષ્ઠ પંચાયતનો એવોર્ડ મળ્યો છે. ૧૫૪૮ની જનસંખ્યા ધરાવતું આ ગામ ગુજરાતનું પ્રથમ કૌશલ્ય ગામ બન્યું છે.

દરામલી ગામના મહિલા સરપંચ હેતલબેન દેસાઈએ ગામને કૌશલ્ય બનાવવાના પ્રયત્નો જણાવ્યા છે. અહીં પંચાયતનું સામાજિક ઓડીટ થાય છે. જે તેની વિશેષતા છે. દરામલી ગામમાં પાણીની વ્યવસ્થા, ૧૮ જેટલા મહિલા ગૃહ ઉદ્યોગ, ગામની તમામ સહકારી સંસ્થાઓ મારફતે દરેકને સરકારી સુવિધાઓ તથા યોજનાઓનો લાભ, ગામમાં કોઈ પણ બીપીએલ (ગરીબી રેખાની નીચે) પરિવાર નથી, સામાજિક સમરસતા, ગામમાં ઈન્ટરનેટ સેન્ટર, વાઈફાઈ, દૂધમંડળી, કોન્ફરન્સ હૉલ, બ્લડ બેંક, ગ્રામ હાટ, નોલેજ બેન્ક સહિતની ઉત્તમ સુવિધાઓ છે. આ ગામને કૌશલ્ય ગામ, પાવન ગામ, આદર્શ ગામ, મોડલ ગામ, કેશલેસ ગામ, ડીજીટલ વીલેજ, સ્માર્ટ વીલેજ, નિર્મળ ગામ, સમરસ ગામ જેવા અનેક પુરસ્કાર મળ્યા છે. છેલ્લા નવ વર્ષથી આ ગામના મહિલા સરપંચ, ગામની બહેનો, યુવકો તથા વડીલોના પ્રેમાળ સ્વભાવ તથા સહયોગ અને સહકારથી આ શક્ય બન્યું હોવાનું જાણવા મળે છે.

## અમેરિકાના વૈજ્ઞાનિકોનું ચોંકાવનારું તારણ-સંશોધન : આગામી બે સદીમાં પૃથ્વી પર ગાય સૌથી મોટું સસ્તન પ્રાણી હશે

અમેરિકન યુનિવર્સિટીના સંશોધન વિભાગના કેટ લિયોન્સ તથા તેમના સાથીઓએ એક ચોંકાવનારું નિવેદન બહાર પાડ્યું છે. તેમણે જણાવ્યું છે કે વિશ્વમાં મોટા શરીરવાળા સસ્તન પ્રાણીઓ વધુ નિર્બળ હોવાથી તેમનો શિકાર થતો આવ્યો છે જેથી આવી મેમલ જાતિના કદાવર સસ્તન પ્રાણીઓ પૃથ્વી પરથી લુપ્ત થતા જાય છે. જો આમ જ ચાલુ રહેશે તો ૨૦૦ વર્ષના ગાળામાં પૃથ્વી પર એક માત્ર ગાય જ બચી શકે તેમ છે. ગાય માયાળુ તથા માનવજાત માટે અગત્યનું પ્રાણી છે જેનો શિકાર અથવા હત્યા પર પ્રતિબંધ રહેશે. અત્યારે સૌથી મોટા સસ્તન પ્રાણીમાં હાથી છે જે લુપ્ત થશે તેવી સંભાવના છે. સસ્તન પ્રાણીઓનો બે લાખ વર્ષ જૂનો ઇતિહાસ આ સંશોધનમાં માલૂમ પડ્યો છે. પૃથ્વી પરના ૬૬ હજાર કરોડ વર્ષના વાતાવરણમાં આ સસ્તન પ્રાણીઓના કદમાં સતત ઘટાડો થવાનું બહાર આવ્યું છે. માનવજાતિ પણ આ સસ્તન પ્રાણીઓ પહેલાંની હોવાનું મનાય છે.

## ઈરાનની પ્રજા, આર્ય પ્રજાના વંશજ હોવાનું સ્વીકારે છે.

ઈરાનની રાજકીય તેમજ સામાજિક ઉથલપાથલની ક્રાંતિઓનો ઇતિહાસ ત્યાંની પ્રજાના ધ્યાનમાં આવ્યો છે. વર્ષ ૧૯૭૯માં ઈરાનમાં ક્રાંતિ થઈ હતી, જેમાં ઈરાનના શાહનો પરાજય થયો હતો અને આયાતોલ્લાહ ખોમૈની દ્વારા ઈસ્લામિક રાષ્ટ્રની સ્થાપના થઈ હતી. તેથી યુરોપ અને વિશ્વના દેશોએ આ કટ્ટરવાદી - રૂઢીચુસ્ત રાષ્ટ્ર સાથેના પોતાના સંબંધો પર પ્રતિબંધ મૂક્યો હતો. સમય જતા ત્યાંની પ્રજા તેના પર ઠોકી બેસાડેલ ઈસ્લામથી ત્રસ્ત થઈ ગઈ છે. ઈરાનમાં શરિયતના કાનૂનથી ઈરાનની મહિલાઓ તથા પ્રજા મુક્ત થવા ઇચ્છે છે.

તહેરાનની શેરીઓમાં આ સ્વતંત્રતા માટે આંદોલન શરૂ થયા છે. ઈરાનની પ્રજા મૂળભૂત રીતે આર્યન હોવાનું માને છે અને તેના પર જૂલ્મથી ઈસ્લામને ઠોકી બેસાડાયો હોવાનું બહાર આવ્યું છે. આર્યો મૂળભૂત ઈરાનની પ્રજા છે. કદાચ તેઓ બહારથી આવ્યા હોય તો પણ આર્યોની જીવન પદ્ધતિ ખૂબ જ આદર્શ હોવાનું ઈરાનની પ્રજા માની રહી છે. આ જીવન પદ્ધતિ ખૂબ જ આદર્શ હોવાનું ઈરાનની પ્રજા માને છે. પ્રાચીન ઈરાનની પ્રજા યગાન નામનો ધર્મ પાળતી હતી. જે સનાતન હિન્દુધર્મનો એક ફાંટો હોવાનું સંશોધન થયું છે.

## બ્રિક્સ દેશોમાં ભારતનો વિકાસદર સૌથી વધુ હોવાનું તારણ

બ્રાઝિલ, ચીન, રશિયા તથા દક્ષિણ આફ્રિકા જેવા ભારત સહિતના દેશોનો સમૂહ બ્રિક્સ દેશોના સમૂહથી ઓળખાય છે. આ દેશો તેમના આર્થિક સહાયથી વિકાસ કરે છે તથા સ્વયં સ્વતંત્ર રીતે પણ આર્થિક યોજનાઓથી પોતાનો વિકાસ કરતા હોય છે. કેપીએમજીના એક રીપોર્ટમાં બ્રિક્સ દેશોના વિકાસદરની માહિતી-અહેવાલ રિપોર્ટ બહાર પાડ્યો છે. તેમાં બ્રિક્સના દેશોના વિકાસદરની વૃદ્ધિમાં ભારત મોખરે હોવાનું તારણ દર્શાવ્યું છે. હાલમાં ભારતના અર્થમંત્રાલયે જીએસટી, નોટબંધી તથા કેશલેશ પ્રણાલીને ધ્યાનમાં રાખી જે પગલાં ભર્યા છે તેનાથી આ વિકાસદરમાં વૃદ્ધિ થઈ હોવાનું મનાય છે.

## 'સામાજિક સુમેળ અને વિશ્વશાંતિ' વિષય પર નાગપુરમાં સંમેલન

સાંસ્કૃતિક અધ્યયન માટેના આંતરરાષ્ટ્રીય કેન્દ્ર-નાગપુર દ્વારા આયોજિત 'સામાજિક સુમેળ અને વિશ્વશાંતિ' વિષય પર બે દિવસનું સંમેલન યોજાયું હતું. વિજ્ઞાન ભારતીના માનાનીય શ્રી જયંતરાવ સહસ્રબુદ્ધે આ સંમેલનને ખૂલ્લું મૂક્યું હતું. હિમાચલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. એ. ડી. એન. બાજપેય મુખ્ય મહેમાન હતા. તદ્ઉપરાંત RTM નાગપુર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર સિદ્ધાર્થ વિનાયક કાને પણ ઉપસ્થિત હતા. RSSના સરકાર્યવાહ મા. શ્રી સુરેશ (ભૈયાજી) જોષીએ પણ માર્ગદર્શન કર્યું હતું. આ સંમેલનમાં ભાગ લેનાર નિષ્ણાતોએ તેમના શોધપેપર-સંશોધનપત્રો રજૂ કર્યાહતા. યુનિવર્સિટી શિક્ષણની ભૂમિકામાં સામાજિક-સુમેળ અને વિશ્વશાંતિ વિષય પર ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સંમેલનના સમાપનસત્રમાં ICCS (International Center for Cultural Studies)ના પ્રમુખ ડૉ. વિનાયક દેશપાંડેએ યુવાનોને સામાજિક સુમેળથી વિશ્વશાંતિની સંભાવના શક્ય હોવાનો સંદેશો આપ્યો હતો. સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણના સ્તરે યુવાનોએ આ વિષયની સભાનતા મેળવી તેને સમાજ સુધી લઈ જવાના પ્રયત્ન કરવાની શીખ પણ શ્રી વિનાયક પાંડેએ આપી હતી.

## નાગપુરના જમ્મુ-કાશ્મીર સ્ટડી સેન્ટરમાં 'સપ્ત સિન્ધુ જમ્મુ-કાશ્મીર-લદાખ મહોત્સવ'ની ઉજવણી

નાગપુરમાં જમ્મુ-કાશ્મીર સ્ટડી સેન્ટર જમ્મુ-કાશ્મીર સમસ્યા અંગે અવારનવાર ચર્ચાઓ તથા ઉત્સવોનું આયોજન કરે છે. અહીં પ્રતિવર્ષ સપ્ત-સિન્ધુ જમ્મુ-કાશ્મીર લદાખ મહોત્સવ યોજાય છે. આ વર્ષે આ ઉત્સવના મુખ્ય પ્રવક્તા અને મહેમાન RSSના ચીફ ડૉ. મોહન ભાગવત હતા. તેમણે જણાવ્યું કે કાશ્મીરમાં શાંતિ સ્થાપવા તથા તેના વિકાસ માટે શક્તિ ને યુક્તિ બંનેની જરૂર છે. આપણા લશ્કરના જવાનો શક્તિથી કામ લે છે તે જરૂર હોવાનું જણાવી શ્રી મોહન ભાગવતે કહ્યું કે ભાગલાવાદી તત્વો અમુક યુક્તિથી માનતા નથી તેમની સામે બળપ્રયોગ કરવો જ રહ્યો. આપણું લશ્કર હાલમાં આ ભાગલાવાદી તત્વો સામે જે ઓપરેશન કરે છે તે વ્યાજબી છે. કેટલાક તત્વોને નાથવા બળપ્રયોગ જરૂરી હોવાનું જણાવી શ્રી ભાગવતે કહ્યું કે દેશના નાગરિકોએ પણ જમ્મુ-કાશ્મીર તથા લદાખમાં શાંતિ સ્થાપવા તથા અલગતાવાદી તત્વોને નાથવા તથા તેમનો નાશ કરવા યુક્તિ તથા ભાઈચારાથી કામ લેવું પડશે. આપણા શહિદ જવાનો માટે દેશે આગળ આવવું પડશે.

## અમદાવાદના તબીબનું અનોખું સેવાકાર્ય : બેરિયાટ્રીક સર્જરીથી મફતમાં બાળકોની મેદસ્વીતા ઘટાડી

ગુજરાતના ઊનાવા વાજડી ગામમાં એક માતા-પિતા તેમના ત્રણ સંતાનોની મેદસ્વીતાથી કંટાળી ગયા હતા. પિતાએ તો પોતાનું જીવન ટૂંકાવી નાખવા સુધીનું મન પણ બનાવી લીધું હતું. સરકારી તથા ખાનગી હૉસ્પિટલોમાં સલાહ-સારવાર તથા ઉપચાર કરવા છતાં બાળકોના વજન ઘટતાં નહોતો. તેમના લાલનપાલનથી

પરિવારના બધા કંટાળી ગયા હતા. ગામના લોકોએ પણ તેમની આ સમસ્યાને સમાજ સુધી પહોંચાડી હતી. અમદાવાદના જાણીતા બેરિયાટ્રીક સર્જન ડૉક્ટર નરવરૈયાના ધ્યાનમાં આ પરિવાર અંગે જાણ થઈ. ડૉક્ટરે વિના મૂલ્યે ત્રણે બળકોના વજન બેરિયાટ્રીક સર્જરીથી ઓછા કરવા સેવાકાર્ય શરૂ કર્યું. ડૉક્ટરના સેવાકાર્યથી હાલમાં ત્રણે બાળકો નોર્મલ વજનના થયા છે. અન્ય બાળકોની જેમ જ આ બાળકો પણ દિનચર્યા તથા અભ્યાસપ્રવૃત્તિ કરે છે.

## લંડનમાં ૨૫ મું કોમનવેલ્થ સંમેલન યોજાયું

વિશ્વના ૫૩ દેશોનો સમૂહ કોમનવેલ્થ સમૂહ ગણાય છે. આજથી ૨૫ વર્ષ પહેલાં આ દેશોનું જૂથ એક બીજાના સહકારથી દેશવાસીઓની ચિંતા કરે છે. આ સમૂહના દેશો દુષ્કાળ, ભૂકંપ, આતંકવાદ તથા આકસ્મિક હોનારતોમાં એકબીજાને ઉપયોગી થાય છે. આ દેશો સાથે મળી વૈશ્વિક સમસ્યાઓ જેવી કે આતંકવાદ, સરહદી વિવાદો, કુપોષણ તથા બાળકલ્યાણ વગેરે અંગે વિચારવિમર્શ કરી સમસ્યાઓના ઉકેલ શોધે છે. ગ્લોબલ વોર્મિંગ તથા પર્યાવરણ સંબંધી બાબતો અંગે પણ આ સમૂહ સામૂહિક ચિંતન કરે છે. આ કોમનવેલ્થ સમિટનું આકર્ષણ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હતા. તેમણે કોમનવેલ્થના દેશોમાં આતંકવાદની સમસ્યાના ઉકેલ તથા સામનો કરવા સૌને એક થવાની અપીલ કરી છે. દેશમાંથી પલાયન થયેલ ગુનેગારો માટે પ્રત્યારોપણની સરળ પદ્ધતિ અંગે પણ આ સમિટમાં ચિંતન થયું હતું. રાણી અલિઝાબેથે સૌને પોતાના મહેલમાં આમંત્રણ આપ્યું હતું અને પોતાના પુત્ર પ્રિન્સ ચાર્લ્સને બ્રિટનના વડા ઉત્તરાધિકરી તરીકે સ્વિકારવાનું સૂચન કર્યું હતું. આ સંમેલનમાં ૮ વર્ષ પછી પ્રથમવાર ભારતીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમનથી લંડન સ્થિત ભારતીયોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. મોટેભાગે કોમનવેલ્થના દેશો તેમના પ્રતિનિધિને આ સમિટમાં મોકલે છે. પણ આ ૨૫મા સંમેલનમાં ૩૫ માંથી ૪૬ દેશોના પ્રમુખ કે વડાપ્રધાન હાજર રહ્યા હતા.

## કેલિફોર્નિયાની કંપની જીપલાઈન વિશ્વની સૌથી ઝડપી ડ્રોન ડિલીવરી સર્વિસ

દેશ-વિદેશની ઈકોમર્સ કંપનીઓ એક સ્થળેથી બીજા સ્થળે પોતાના ઉત્પાદનો તથા મેડિકલ સેવાઓ ડ્રોન મારફતે મોકલે છે. આ ડ્રોન ૧.૭૫ કિલો વજન, ૧૨૮ કિ.મી.ની ઝડપે એક સ્થળેથી બીજા સ્થળે હેરા-ફેરી કરે છે. કેલિફોર્નિયાની કંપની જીપલાઈન આ સેવા માટે વિશ્વમાં પ્રખ્યાત છે. રવાન્ડા, અમેરિકા, તાન્ઝાનિયા વગેરે દેશોમાં ૨૦૧૬માં આ કંપનીએ ૪૦૦૦ ઉડ્ડયન કરી ડ્રોન દ્વારા ૧ લાખ લિટર લોહી દર્દીઓ સુધી પહોંચાડ્યું હતું. તાત્કાલિક સેવાઓ પૂરી પાડવા આ ડ્રોન મહત્વનું સાબિત થયું છે. આ ડ્રોન સર્વિસનો ચાર્જ ૧૫ ડૉલરથી ૪૫ ડૉલર સુધીનો હોય છે. ડ્રોન જમીન પર લેન્ડ થયા વગર જે તે સ્થળે પેરાશૂટ મારફતે માલ-સામાન - દવાઓ ઉતારી અવકાશમાં જ તે પુનઃ તેના મૂળ સ્થાને પહોંચી જાય છે.

## ભારતમાં આદિ શંકરાચાર્યની જન્મજયંતિની ઉજવણી

વૈખાશ સુદ પાંચમ ઈ.સ. ૭૮૮માં કેરળના કાલડી ગામમાં જન્મેલ આદિ શંકરાચાર્યની જન્મજયંતિ દક્ષિણ ભારત તથા તેમના દ્વારા ચારે દિશામાં સ્થાપિત મઠોમાં ભવ્ય રીતે ઉજવાઈ છે. દેશના વિવિધ રાજ્યોમાં પણ આ ઉજવણીના સમાચાર છે. પૂર્વમાં - જગન્નાથપૂરી, પશ્ચિમમાં - દ્વારકા, ઉત્તરમાં - બદરીનાથ તથા દક્ષિણમાં - શૃંગેરી મઠોની સ્થાપના થઈ હતી. પ્રાચીન હિન્દુધર્મ - સનાતન ધર્મના વારસાને તેમણે વિશિષ્ઠ રીતે રજૂ કર્યો છે. તેઓ નાનપણથી એક પાઠી - એક વાચને સમજી લેનાર બુદ્ધિશાળી હતા. માતાની સંમતિથી તેમણે સન્યાસ લીધો હતો. ગુજરાતમાં નર્મદા કિનારે - ૐ કારેશ્વરમાં આચાર્ય ગોવિંદ ભગવદ્પાદ સ્વામિ પાસેથી દીધી હતી. સર્વે શાસ્ત્રોનો અભ્યાસ કરી માત્ર ૧૬ વર્ષની ઉંમરે બદરીકાશ્રમ જઈ બ્રહ્મસૂત્ર, ઉપનિષદ, વેદ, ગીતા તથા ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તેમણે દેશમાં ભ્રમણ કરી પ્રાણીમાત્રની સેવા કરે તેવા સાધુઓ તૈયાર કર્યા હતા. પ્રાણીમાત્રમાં તેમણે બ્રહ્મ (પરમાત્મા)નો નિવાસ હોવાનું શુદ્ધતર્કથી પ્રતિપાદન કર્યું. તેમણે વિશ્વને હિન્દુધર્મના અસંખ્ય દેવીદેવતાઓના ભ્રમમાંથી મુક્તિ અપાવી હિન્દુ ધર્મ પંચાયતના શિવ, વિષ્ણુ, સૂર્ય, અંબાજી તથા શ્રીગણેશની આરાધના ઉપાસનાનો સંદેશ આપ્યો. તેમણે અનેક ધર્મોના પ્રખંડ પંડિતો સાથે શાસ્ત્રાર્થમાં વિજય મળવ્યો અને સનાતન હિન્દુધર્મને અજેય તથા શાશ્વત સાબિત કર્યો. માત્ર ૩૨ વર્ષની ઉંમરે કેરળમાં ઈ.સ. ૮૨૦માં તેમણે પોતાની જીવન લીલા સમેટી લીધી હતી.

* * *